## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




ડેડી, એમ કાંઈ એક વિષયમાં ફેઈલ થવાથી કાંઈ બગડી ના જાય...જુઓ ને, કર્ણાટકની એક સીટ ગઈ તો કોઈ ફર્ક પડ્યો !

# શહેરમાં એ કોલોની પૂર્વ સરકારી વસાહત મંડળનો સ્નેહમિલન સમારોહ યોજાયો





ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૩ કડી કેમ્પસ સ્થિત ખીમજી વિસરામ હોલ ખાતે આજે સવારે ૧૦ કલાકે એ કોલોની પૂર્વ સરકારી વસાહત મંડળ ( દરિયાખાન ઘુમ્મટ, શાહીબાગ અમદાવાદ ગાંધીનગર)નો દ્વિતિય સ્નેહમિલન સમારોહ પૂર્વ મંત્રી ભરતભાઈ બારોટના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. આ પ્રસંગે એ કોલોનીના પરિવારના સભ્યો ખુબ મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.

એ કોલોની પૂર્વ સરકારી વસાહત મંડળના સ્નેહમિલન કાર્યક્રમની શરુઆત પ્રાર્થના દ્વારા કરવામાં આવી હતી. જયારે આ સ્નેહમિલન કાર્યક્રમમાં સદગત આત્માઓની શાંતિ માટે એક મિનિટનું મૌન પાડવામાં આવ્યું હતું. ત્યારબાદ ઉપસ્થિત મહેમાનોનું બુકે અને મોમેન્ટો આપી સ્વાગત કરવામાં આવ્યું હતું. જયારે એ કોલોનીના પૂર્વ વસાહતીઓમાંથી ૪ વસાહતી ભાઈ બહેનોએ પોતાના જુના સ્મરણો વાગોળ્યા હતા અને જુની વાતો રજુ કરી હતી.ત્યારબાદ ૭૫ વર્ષથી વધુ વયના વડીલોનું ચાંદીના સિક્કો આપી સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ દાતાઓનું પણ મોમેન્ટો આપી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ સ્નેહમિલન કાર્યક્રમમાં ત્રણ પેઢી એટલે કે નાના બાળકથી લઈને વડીલો સૌ એકમંચ પર એકઠા થયા હતા. ગાંધીનગરની ગુજરાત રાજ્યના પાટનગર તરીકે સ્થાપના થઈ ત્યારથી અત્યાર સુધીમાં અમદાવાદના દરીયાખાન ઘુમ્મટ અને શાહીબાગ વિસ્તારના જે નાગરીકોએ સરકારી નોકરી મેળવી શહેરમાં સ્થાઈ થયા હોય તેવા પરિવારોની એ કોલોની પૂર્વ સહકારી વસાહત મંડળનો સ્નેહમિલન કાર્યક્રમ હતો. આ પ્રસંગે કાર્યક્રમના અધ્યક્ષ પૂર્વ મંત્રી ભરતભાઈ બારોટ, ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાન્ત જહા તેમજ પૂર્વ ડેપ્યુટી મેયર કાર્તિકભાઈ પટેલે પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. મહેમાનોનું શાબ્દિક સ્વાગત ડો. અનિલ વેદ દ્વારા કરવામાં આવ્યું હતું. બપોર બાદ ગ્રુપ મીટીંગ યોજાઈ હતી. જેમાં પરિવારના સૌ સભ્યોએ સાથે બેસીને વાતચીત કરી હતી. જયારે કાર્યક્રમને સફળ બનાવવા માટે ડો. અનિલ વેદ, ચંદ્રકાંન્ત સુરતી, જીતેન્દ્ર પટેલ અને યોગી દેસાઈએ ભારે જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમનું સંચાલન મુકેશ વેદ દ્વારા કરવામાં આવ્યું હતું.

# સિવિલમાં ૨૧૬ સગર્ભા મહિલાઓનો સુગર ટેસ્ટ કરાયો

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર સિવિલમાં પાયલોટ પ્રોજેકટ તરીકે સગર્ભા મહિલાઓનો સુગર ટેસ્ટ કરવાનો પ્રારંભ કરાયો છે. ત્યારે છેલ્લા ૧૫ દિવસમાં ૨૧૬ સગર્ભા મહિલાઓનો સુગર ટેસ્ટ કરવામાં આવ્યો છે. પરંતુ તમામ મહિલાઓનો સુગર ટેસ્ટ નોર્મલ રેન્જમાં આવ્યો છે. રાજયના આરોગ્ય વિભાગ દ્વારા સામાન્ય નાગરીકો માટે વિવિધ યોજનાઓ બહાર પાડવામાં આવે છે. આ યોજનાનો લાભ રાજયના છેવાડાના નાગરીકને મળે તે માટે રાજયના અધિકારીઓ રાત દિવસ જાગીને કામ કરી રહ્યા છે. સરકાર દ્વારા બાળકો તેમજ સગર્ભા મહિલાઓ માટે વિવિધ યોજનાઓ બહાર પાડવામાં આવી છે. ત્યારે તાજેતરમાં સરકાર દ્વારા સગર્ભા મહિલાઓનો સુગર ટેસ્ટ વિના મુલ્યે કરવાનું નક્કી કર્યુ છે. મે માસથી આ પાયલોટ પ્રોજેકટને ગાંધીનગર સિવિલથી પ્રારંભ કરાયો છે. જેમાં મે માસમાં ૧૫ દિવસમાં ૨૧૬ સગર્ભા મહિલાઓનો ટેસ્ટ કરવામાં આવ્યો હતો. જેમાં ૨૦૭ મહિલાઓને ૭૫ ગ્રામ ગ્લુકોઝ આપી સુગર ટેસ્ટ કરાયો હતો.જયારે ૧૬ જેટલી સગર્ભા મહિલાઓને ૧૪૦ની આસપાસ સુગર ટેસ્ટ આવતા તેમાથી ૧૫ સગર્ભા મહિલાઓનો એએનસી ટેસ્ટ કરાયો હતો પરંતુ તેમાં પણ નોર્મલ રેન્જ બ્લડ સુગરની આવી હતી. સગર્ભા મહિલાઓને ડાયાબિટીસ થવાની સંભાવના રહેલી હોય છે. જેથી આ ટેસ્ટ કરાવવો હિતાવહ છે. જેને પગલે સુગર ટેસ્ટ સમયે ચાર મહિલાઓને ઉબકા તો ૩ મહિલાઓને ઉલ્ટી થઈ હતી. આ સુગર ટેસ્ટ ગાયનેક ઓપીડીમાં જ કરવામાં આવે છે.જેથી સગર્ભા મહિલાઓને હેરાન પરેશાન થવાનો વારો આવે નહી.

# ૨૯મીએ સત્યાગ્રહ છાવણી ખાતે ટેટ-૨ પાસ ઉમેદવારો દ્વારા ઉપવાસ આંદોલન

ગાંધીનગર, તા. ૨૭

વિદ્યા સહાયક ટેટ-૨ની લાંબા સમયથી ભરતી ન થતા ટેટ-૨ પાસ હજારો બેરોજગાર યુવાનોએ શિક્ષણ વિભાગ સામે નારાજગી વ્યક્ત કરી છે. અનેક રજૂઆત કર્યા બાદ પણ ભરતીના કોઈ અણસાર ન દેખાતા સંખ્યાબંધ યુવાનો ગાંધીનગર સત્યાગ્રહ છાવણી સેક્ટર-૬ ખાતે પ્રતિક ઉપવાસ કરશે.

કોંગ્રેસના વિદ્યાર્થી સંગઠન એનએસયુઆઈ દ્વારા શિક્ષકોની ભરતીને લઈ શિક્ષણ મંત્રી અને શિક્ષણ વિભાગમાં અનોક રજૂઆત કરી આવેદનપત્રો આપવામાં આવ્યા છે. તેમ છતાં આજદિન સુધી આ સમસ્યાનો કોઈજ નિવેડો નથી આવ્યો આથી ટેટ-૨ પાસ ઉમેદવારો પોતાના ન્યાય માટે મંગળવારે ૨૯મી મે ના રોજ સવારે ૧૧ કલાકે ગાંધીનગર સેક્ટર-૬ સત્યાગ્રહ છાવણી ખાતે સવારે ૧૧ કલાકે ઉપવાસ આંદોલન કરશે તેમ એનએસયુઆઈ પ્રદેશ મહામંત્રી ગૌરાંગ મકવાણાએ જણાવ્યુ છે.

# પેરોલ પર છુટીને ફરાર થઈ ગયેલો કેદી આખરે પકડાયો

## માણસા પોલીસ સ્ટેશનના બળાત્કારના ગુનામાં તેને સજા પડી હતી : એલસીબીની ટીમે આણંદ નજીકથી કેદીને પકડ્યો




ગાંધીનગર, તા. ૨૭

સીઆઈડી ક્રાઈમ અને રેલ્વેઝના પોલીસ મહાનિર્દેશક દ્વારા ૧૫ મે થી ૩૧ મે સુધી પેરોલ-ફ્લો જમ્પ કરેલા આરોપીઓને પકડી પાડવા સ્પે. ડ્રાઈવ રાખી છે. જે અંતર્ગત ગાંધીનગર જિલ્લા પોલીસ અધિક્ષક વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી એલસીબીની એબસ્કોન્ડર સ્કવોર્ડ આ દિશામાં સક્રીય થઈ છે. માણસા પોલીસ સ્ટેશનના બળાત્કારના ગુનાનો એક આરોપી પણ દોઢ વર્ષ પહેલા પેરોલ પર છુટીને ફરાર થઈ ગયો હતો. તેની બાતમી મેળવી આણંદ નજીકના એક ગામમાંથી એબસ્કોન્ડર સ્કવોર્ડ ફરાર કેદીને દબોચી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. માણસા પોલીસ સ્ટેશનના બળાત્કારના એક ગુનામાં મુકેશ આતાજી ઠાકોર નામના શખ્સને સજા પડી હતી. સેન્ટ્રલ જેલમાં સજા કાપી રહેલા મુકેશ દોઢેક વર્ષ અગાઉ પોતાના અંગત કારણ દર્શાવી પેરોલ-ફ્લો રજા ઉપર છુટ્યો હતો. રજા પુરી થયા બાદ તે પરત હાજર થયો ન હતો. ત્યારથી આજદિન સુધી આ પેરોલ જમ્પ કેદી ફરાર હતો. એલસીબી પી.આઈ. તરલ ભટ્ટની સુચનાથી તેમની એબસ્કોન્ડર સ્કવોર્ડના પીએસઆઈ વી.એમ. ઝાલા તથા તેમની ટીમે તેને પકડી પાડવા કવાયત શરૂ કરી બાતમી એકત્ર કરી હતી. આણંદ જિલ્લાના હેરંજ ગામે આ ફરાર કેદી છઉપાયો હોવાની માહિતી આધારે આણંદ જઈ આ ટીમે ફરાર કેદી મુકેશ ઠાકોરને આખરે પકડી પાડી સાબરમતી સેન્ટ્લ જેલ ખાતે યોગ્ય પોલીસ જાપ્તા હેઠળ મોકલી આપ્યો છે.

# સુપ્રિમ કોર્ટના મુખ્ય જજની 'સાચી અટક' પણ ગૌણ સેવા મંડળને ખબર નથી !!!

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગર આયોજીત આજે રાજ્યના ૪ જિલ્લામાં જુદા જુદા પરીક્ષા કેન્દ્રો ખાતે મદદનીશ સમાજ કલ્યાણ અધિકારીની સ્પર્ધાત્મક પરીક્ષા લેવાઈ હતી. જેમાં ૪૫ ટકાથી પણ વધારે ઉમેદવારો ગેરહાજર રહ્યા હતા. આ પેપરમાં બંધારણ અને સરકારની યોજનાના વિષયને લગતા પ્રશ્નો વધુ પ્રમાણમાં પુછાતા ઉમેદવારો ભારે મુંજવણમાં મુકાઈ ગયા હતા. પેપરમાં ભરતી બોર્ડે સિલેબસ મુજબના વિષયોમાંથી માત્ર ને માત્ર ચારથી પાંચ વિષયને વધુ પ્રાધાન્ય આપ્યુ જયારે સિલેબસમાં અનેક વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે તેવી ફરીયાદ પણ યુવાનોમાં ઉઠવા પામી હતી. જો કે આ સમગ્ર પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં યોજાઈ હતી.

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગર આયોજીત દોઢ વર્ષ અગાઉ મદદનીશ સમાજ કલ્યાણ અધિકારીની સીધી ભરતી કરવા માટે જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવી હતી જેની ૨૦૦ ગુણની લેખિત પરીક્ષા આજે રવિવારે અમદાવાદ, ગાંધીનગર, વડોદરા અને રાજકોટમાં વિવિધ પરીક્ષા કેન્દ્રો ખાતે લેવાઈ હતી. રવિવારે યોજાયેલી પરીક્ષા માટે રાજ્યભરમાંથી ૯૩ હજાર યુવા ઉમેદવારોએ ઉમેદવારી નોંધાઈ હતી જયારે આજે ૪૫ ટકાથી વધુ ઉમેદવારો ગેરહાજર રહ્યા હતા. મંડળે ૨૦૦ ગુણના પેપરમાં સરકારની વિવિધ યોજનાઓને લગતા ૩૩ જેટલા પ્રશ્નો જયારે બંધારણના વિષયમાંથી ૨૮ પ્રશ્નો પુછી લેતા યુવાનોનો રીતસરનો ગરમીમાં પસીનો છુટી ગયો હતો. યોજનાના પ્રશ્નોમાં પણ સૌથી વધુ આંકડાકીય સંખ્યા પુછી નાખતા યુવા સ્પર્ધકો માથુ ખંજવાળતા રહી ગયા હતા. મંડળે પેપરમાં ૨૮ જેટલા પ્રશ્નો માત્ર બંધારણમાંથી જ પુછ્યાં હતા. અંગ્રેજી વિષયમાંથી ૨૫ પ્રશ્નો, ગણિત અને રીઝનીંગમાંથી ૧૩ જેટલા પ્રશ્નો અને કમ્પ્યુટર વિષયમાંથી ૧૭ પ્રશ્નો પુછી લીધા હતા. બાકીના પ્રશ્નો ગુજરાતી અને સામાન્ય અભ્યાસ સંબંધિત પુછી નાખ્યા હતા. પેપરમાં સિલેબસ મુજબના પ્રશ્નો ન પુછાતા ઉમેદવારોએ કયાંક કયાંક નારાજગી વ્યક્ત કરી હતી.

## દિપક મિશ્રાને સ્થાને દિપક વર્મા

લ્યો બોલો ગૌણ સેવા મંડળના પેપર સેટરને એજ ખબર નથી કે સુપ્રિમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિની 'અટક' શુ છે. ? પેપર સેટરના નેતૃત્વમાં તૈયાર થયેલ મદદનીશ સમાજ કલ્યાણ અધિકારીની પરીક્ષાના 'સી' સીરીઝ પેપરના ૯૦ નંબરના પ્રશ્નમાં સુપ્રિમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ 'દિપક વર્મા' દર્શાવવામાં આવ્યું છે. જયારે હકીકતમાં સુપ્રિમકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિનું નામ દિપક મિશ્રા છે. શુ ગૌણ સેવા મંડળના અધિકારી કે પેપર સેટ કરતા પેપર સેટરોને ખબર નથી કે દેશની સુપ્રિમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિની અટક શુ છે. નવાઈ તો એ થાય છે કે ૬૧ નંબરના પ્રશ્નમાં ચાર જવાબ પૈકી એક જવાબમાં પાછુ 'દિપક મિશ્રા' સાચુ નામ લખ્યુ છે.

# ૨૦૧૮માં ગુજરાતના ૬ અને ૨૦૧૯માં બીજા ૨૫ સિનિયર IAS ઓફિસરો વય નિવૃત્ત થશે

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

ગુજરાત સરકારના સિનિયર આઈએસએસ ઓફિસરોની વય નિવૃત્તિ નજીક આવતી જાય છે. દિલ્હીમાં ફરજ બજાવતા રીટા તેવટીયા જુલાઈ મહિનામાં તો હસમુખ અઢિયા નવેમ્બર મહિનામાં વય નિવૃત્ત થાય છે. અન્ય ઓફિસરોમાં એમ.એસ.ડાંગુર જુલાઈ મહિનામાં એસ.બી.રાવલ અને કે.બી. ઉપાધ્યાય મે મહિનામાં, આર.જી, ભાલેરા જૂન મહિનામાં વયનિવૃત્ત થાય છે. જ્યારે લોકસભાની ચૂંટણીના વર્ષ ૨૦૧૯માં રાજગોપાલ જાન્યુઆરીમાં, સી.એસ. ચૌધરી ફેબ્રુઆરીમાં, વી.પી.પટેલ અને જે.ટી. અખાણી માર્ચમાં, રાજ્યના મુખ્યસચિવ ડો. જે.એન.સિંઘ. કે.બી. ઉપાધ્યાય અને એસ.એલ. અમરાણી મે મહિનામાં, આનંદ મોહન તિવારી. વી.એ. વાઘેલા. બી.કે. કુમાર અને આર.એમ.જાદવ જૂનમાં, એન.પી.ઠાકર, જે.કે. ગઢવી અને આર.જી. ત્રિવેદી જુલાઈમાં, સંજય પ્રસાદ, જી.સી.બ્રહ્મભટ્ટ, એસ.કે. લાંગા. એચ.જે. વ્યાસ અને પી.ડી.વાઘેલા સપ્ટેમ્બરમાં, એલ.પી.પાડલિયા અને એસ.બી. પટેલ ઓક્ટોબરમાં, સુજીત ગુલાટી. ગિરીશચંદ્ર મુર્મુ અને પ્રેમ કુમાર ગેરા નવેમ્બરમાં અને આર.જે. માંકડિયા ડિસેમ્બરમાં વયનિવૃત્ત થાય છે. આ સાથે એક આખી કેડર સરકારની બહાર જોવા મળશે. ત્રણેક ઓફિસરોને સરકાર નિવૃત્તિ બાદ પ્રવૃત્ત રાખી શકે તેમ છે જેમાં હસમુખ અઢિયા, જે.એન.સિંઘ અને ગિરીશચંદ્ર મુર્મુનો સમાવેશ થાય છે.

## લોકસભાની ચૂંટણીમાં ગુજરાતના ૧૨ સંસદસભ્યોને ટીકીટ મળવાની શક્યતા નથી

**વિજય રૂપાણી અને નિતીન પટેલ ખૂશમાં છે...**

ગુજરાત સરકારમાં મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી વચ્ચે મનમેળ નથી તેવી અફવાઓ ચાલી છે પરંતુ તેમાં કોઈ તથ્ય એટલા માટે નથી કે કર્ણાટકની ચૂંટણીમાં ભાજપની ભૂંડી હાર પછી ગુજરાત ગુમાવવું ભાજપને પોસાય તેમ નથી. લોકસભાની ચૂંટણીમાં એનડીએ અને ભાજપને વધુમાં વધુ બેઠકોની જરૂર છે ત્યારે ગુજરાતમાં જો રાજકારણમાં કંઈ નવાજૂની થાય તો તેના પડઘા દિલ્હી સુધી પડે તેમ છે. પાર્ટીનું હાઈકમાન્ડ ગુજરાતની કેબિનેટમાં હમણાં કોઈ ચેન્જીસ કરવા માગતું નથી. સચિવાલયમાં એવી ચર્ચાએ જોર પકડ્યું હતું કે સરકારમાં કંઈ નવા-જૂની થશે પરંતુ હાલના સંજોગોમાં એવી કોઈ ચહલપહલ જોવા મળતી નથી. બન્ને સુપ્રિમો ખૂશમાં છે, જો કે એક બાબત સ્પષ્ટ છે કે લોકસભાની ચૂંટણી જીતી શકે તેવા વર્તમાન ધારાસભ્યો કે મંત્રીઓ પૈકી કોઈને ચૂંટણી લડવાનું ઈજન મળી શકે છે, કારણ કે લોકસભાના હાલના સંસદસભ્યો પૈકી ૧૨ નવા ચહેરા પાર્ટીને જોઈએ છે.

**કોંગ્રેસના બળવાખોર લિડર્સના બે ય બગડ્યાં છે...**

કોંગ્રેસ છોડીને ભાજપમાં ગયેલા શંકરસિંહ વાઘેલા જૂથના ધારાસભ્યો સરકારથી નારાજ છે. હમણાં જ આ જૂથના આગેવાનોની બેઠક શંકરસિંહની હાજરીમાં મળી હતી તેમાં આ રિબેલિયન લિડર્સ જોડાયા હતા. કોંગ્રેસના એકમાત્ર નેતા કે જેઓ ભાજપમાં ગયા છે તે બળવંતસિંહ રાજપૂતને ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમની લોટરી લાગી છે. તેઓ તેમના સ્થાન પર બેસીને આ નિગમમાં જે લાલીયાવાડી ચાલતી હતી તેને બંધ કરાવી નવા ઈનોવેશનને આવકાર આપી રહ્યાં છે. ઔદ્યોગિક વિસ્તારોમાં પડતી મુશ્કેલીઓ, પ્લોટીંગની વ્યવસ્થા તેમજ આ વસાહતો વધુને વધુ સુવિધા કેમ મળે તેની ફિકર કરતા રહે છે પરંતુ ઔદ્યોગિક વસાહતોના વિવિધ પ્રશ્નોના ઉકેલ માટે હાલના મેનેજીંગ ડિરેક્ટર ડી. થારા ફેવરેબલ નથી તેથી સરકારમાં ઔદ્યોગિક વસાહતોના અનેક લોકોએ રજૂઆત કરી છે અને કહ્યું છે કે વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટ આવતી હોવાથી આ નિગમમાં પ્રેક્ટિકલ અને ઉદ્યોગોને સાચી રીતે સમજી શકે તેવા ઓફિસરની નિયુક્તિ થાય તે સરકારના હિતમાં છે.

**કોંગ્રેસના સાઇડલાઇન નેતાઓ માટે અચ્છે દિન...**

કોંગ્રેસની કેડર બદલાઈ છે. નવી દિલ્હીમાં ચેન્જ આવ્યો છે તેવો ચેન્જ ગુજરાતમાં આવી રહ્યો છે. નવા પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા સામે અનેક પડકારો છે પરંતુ તેમની નવી ટીમ સજ્જ થયા પછી કોંગ્રેસની દિશા સુધરી શકે તેમ લાગી રહ્યું છે. ગુજરાતના સિનિયર નેતાઓમાં શક્તિસિંહ ગોહિલને બાદ કરતાં ફર્સ્ટ કેડરના અન્ય નેતાઓ જેવાં કે અર્જુન મોઢવાડિયા, સિદ્ધાર્થ પટેલ, તુષાર ચૌધરી અને ભરતસિંહ સોલંકી હાલ તો સાઈડલાઈન થયા છે પરંતુ આ નેતાઓએ નારાજ થવાની જરૂર નથી કારણ કે કોંગ્રેસના હાલના ધારાસભ્યો પૈકી પાર્ટી પાંચ થી સાત ને લોકસભાની ચૂંટણી લડાવી શકે છે તેથી તેમની ખાલી પડેલી બેઠક પર આ નેતાઓ પેટા ચૂંટણી લડી શકે છે. પાર્ટી લોકસભાના ઉમેદવારો જો અગાઉથી નક્કી કરે તો આ નેતાઓને વિધાનસભાની ચૂંટણી જીતવા માટેની તૈયારી કરવાની ખબર પડે. કોંગ્રેસમાં આ એક મોટી ખામી છે કે તેનું હાઈકમાન્ડ ઉમેદવારી પત્ર ભરવાના આગલા દિવસે ઉમેદવારોના નામ ડિક્લેર કરતી હોય છે. હકીકતમાં છ મહિના પહેલાં લોકસભાના ઉમેદવારો જાહેર થવા જોઈએ કે જેથી ઉમેદવારો તેમનો પ્રચાર શરૂ કરી શકે.

## બલવંતસિંહને વાંધો નથી પણ બીજા બળવાખોર નેતાઓ ભાજપમાં દુખી થયા છે

**વૃક્ષારોપણની જરૂરિયાત સચિવાલયને વધારે છે...**

જંગલ વધારો અને વૃક્ષો વાવો તેવી ઝૂંબેશ શરૂ કરવામાં આવે છે પરંતુ સચિવાલયના પરિસરમાં વધારે વૃક્ષો વાવવાની જરૂર છે, કારણ કે પાર્કિંગમાં વૃક્ષોની સંખ્યા ઓછી હોવાથી વાહનો છાંયડામાં મૂકવાની હોડ ચાલે છે. કેટલાક કર્મચારીઓ છાંયડે વાહન મૂકવા માટે સચિવાલયમાં વહેલા આવી જાય છે. ઉનાળાની ગરમીમાં વાહનો તપી ન જાય તે માટે કર્મચારીઓ તેમજ મુલાકાતીઓ તેમના વાહનો વૃક્ષના સહારે મૂકતા હોય છે. સરકારે સચિવાલયમાં વૃક્ષારોપણ કરવું જોઈએ કે જેથી તમામ વાહનોને છાંયડો મળી શકે. પાર્કિંગમાં શેડ બનાવવામાં આવેલા છે પરંતુ તે મર્યાદિત હોવાથી હવે વધારાના વાહનો સચિવાલયના ઈન્ટરનલ માર્ગોના છેવાડે પાર્ક કરવા પડે છે, કારણ કે ત્યાં વૃક્ષોનો છાંયડો મળે છે. સલામતી રક્ષકો પણ મુલાકાતીઓને તેમના વાહનો છાંયડા નીચે પાર્ક કરવાની અનુમતિ આપતા હોય છે. કેશુભાઈ પટેલની સરકારમાં સુકાભઠ્ઠ થઈ ચૂકેલા સચિવાલયના પટાંગણમાં મોદીએ લેન્ડસ્કેપીંગ કર્યું છે. સચિવાલયને ગ્રીનકવરનું સપનું નરેન્દ્ર મોદીએ જોયું હતું આશા છે કે વિજય રૂપાણીની સરકાર આ સપનાને સાકાર કરે અને આ વખતે ચોમાસુ શરૂ થતાં જ વૃક્ષારોપણ કર્મચારીઓના હસ્તે જ કરાવે.

## સરકારી નોકરીમાં શૈક્ષણિક લાયકાત કે અનુભવ નહીં, વિચારધારા જ માપદંડ છે

**વિચારધારા નોકરી માટેની મુખ્ય લાયકાત છે...**

સરકારના વહીવટમાં માનવીય અભિગમ જોડવામાં આવે તો ખરા અર્થમાં તે ગુડ ગવર્નન્સ કહેવાય છે. તેને કોઈ સંસ્થા નહીં ખુદ સામાન્ય પબ્લિક શ્રેષ્ઠતાનો એવોર્ડ આપે છે. સચિવાલયમાં ભૂતકાળમાં એવા અધિકારીઓ હતા કે જેમણે નોકરી માટે આવનારા કોઈપણ જ્ઞાતિના યુવાનોને ખૂબ પ્રોત્સાહિત કર્યા હતા. વિભાગમાં ખાલી પડેલી જગ્યા માટે કોઈ અરજદાર યુવાન બાયોડેટા સાથે નોકરી પર આવે તો તેઓ તેનો ઈન્ટરવ્યુ લઈને કોન્ટ્રાક્ટથી તુરંત જગ્યા ભરી દેતા હતા. આજે સરકારમાં એવાં પણ અધિકારી છે કે જેમણે કોન્ટ્રાક્યુઅલ જોબ માટે લાયકાત ધરાવતા યુવાનોના ઈન્ટરવ્યુ તો લીધા છે પરંતુ તેઓને નોકરી આપી શક્યા નથી. સરકારી કામમાં પાંચ થી સાત વર્ષનો અનુભવ હોય તેવા યુવાનો હાલ ઘરે બેઠાં છે. જ્યારે જ્યારે સરકાર બદલાય ત્યારે આ મુસિબત સામે આવે છે. મંત્રીઓ તેમના સગાવહાલાને અંગત સ્ટાફમાં ભરે છે પરંતુ જરૂરિયાત મંદ અને સ્કીલ્ડ યુવાનોને નોકરી આપતા નથી. યુવાનોએ એક વાત યાદ રાખવા જેવી છે કે-ગાંધીનગરમાં સરકારી નોકરીમાં તમારી શૈક્ષણિક લાયકાત જોવાતી નથી પરંતુ તમે ભાજપની વિચારધારામાં માનો છો કે કેમ તેમજ તમે શાખા જોઈન્ટ કરેલી છે કે કેમ તેવા વિચિત્ર પ્રશ્નો પૂછવામાં આવે છે. સરકારી નોકરીમાં આ જ લાયકાત ચાલે છે.

**જનધનમાં ધન છે પરંતુ ૪૮ ટકા ખાતા નિષ્ક્રિય...**

ભારતના વડાપ્રધાન મોદી સત્તા પર આવ્યા પછી ભારતીય બેન્કોના ખાતાઓની સંખ્યામાં તીવ્ર વધારો કરી દીધો છે પરંતુ દેશમાં નિષ્ક્રિય ખાતાઓની સંખ્યા ખૂબ મોટી છે. વિશ્વબેન્કના એક સર્વેક્ષણમાં કહ્યું છે કે ભારતમાં નિષ્ક્રિય ખાતાઓની સંખ્યાનો હિસ્સો ૪૮ ટકા છે જ્યારે વિકાસશીલ દેશોમાં આ ટકાવારી ૨૫ ટકા જેટલી સિમિત જોવા મળે છે. દેશમાં જનધન યોજના બનાવી મોદી સરકારે ખૂબ પ્રચાર કર્યો હતો અને ચેતવણી આપી હતી કે બેન્ક ખાતા વિના તમારી સરકારી મદદ ક્યાંય જમા નહીં કરી શકો. તેમનો આ વિચાર ઉત્તમ હતો કેમ કે લાભાર્થીના હાથમાં રોકડ આપવાના કિસ્સામાં કટકી થતી હતી પરંતુ આ સરકાર લાભાર્થીઓના બેન્ક એકાઉન્ટ મેનેજ કરી શકતી નથી. આજે જનધન એકાઉન્ટની સંખ્યા ૩૧.૪૫ કરોડ છે અને તેમાં કુલ મળીને ૮૦,૦૦૦ કરોડ રૂપિયાની ડિપોઝીટ હોવાનું કહેવાય છે પરંતુ વિશ્વબેન્કના રિપોર્ટ પ્રમાણે ૪૮ ટકા એટલે કે ૧૫ કરોડ ખાતામાં ટ્રાન્ઝેકશન નથી. આ ખાતાઓ નિષ્ક્રિય બની ગયેલા છે. સર્વેક્ષણમાં બહાર આવ્યું છે કે પુરૂષ કરતાં મહિલાઓના બેન્ક ખાતાઓ વધારે નિષ્ક્રિય પડેલા છે.

**લાંબા ઇન્તજાર પછી હવે બદલીઓ નિશ્ચિત...**

ગુજરાતની બ્યુરોક્રેસીમાં ફેરફારોની લાંબા સમયથી રાહ જોવામાં આવી રહી છે પરંતુ હવે તેની ઘડી આવી પહોંચી છે. સચિવાલયના સૂત્રો કહે છે કે પહેલાં પોલીસ અધિકારીઓની બદલીઓ થશે ત્યારબાદ સિનિયર આઈએએસ ઓફિસરોની બદલી થવાની શકયતા છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીની ફાઈલમાં નિશ્ચિત કરેલી સંખ્યા પ્રમાણે બધી મળીને કુલ ૧૫૦થી વધારે ઓફિસરોની ફેરબદલ થવાની છે. બદલીઓ સાથે પોલીસ વિભાગમાં પ્રમોશન પણ આવી રહ્યાં છે. આ ફેરફારો જૂન પહેલાં પૂર્ણ કરવાનો આદેશ આપવામાં આવેલો છે તેથી ટૂંક સમયમાં ઓર્ડર થવાના ચાન્સ છે.